| | |
|---|---|
| | **એ. જી. હાઈસ્કૂલ અને જી. એન્ડ ડી. પરીખ હાયર સેકન્ડરી સ્કૂલ** |
| सा विद्या या विमुक्तये | **નવરંગપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૦૯.** |
| | **<u>પ્રથમ પ્રિલિમનરી પરીક્ષા - ૨૦૧૩-૨૦૧૪</u>** |
| | તારીખ : ૨૪-૧૨-૨૦૧૩    ધોરણ : ૧૨    સમય : ૩:૦૦ કલાક |
| | વાર : મંગળવાર    વિષય : નામાનાં મૂળતત્ત્વો    ગુણ : ૧૦૦ |

## <u>વિભાગ -A</u>

**નીચેના 1 થી 10 પ્રશ્નો બહુવિકલ્પ પ્રકારના પ્રશ્નો છે. જેનો સાચો જવાબ શોધીને પૂર્ણ વાક્ય કે શબ્દમાં લખો. (10)**
**દરેક પ્રશ્ન એક ગુણનો છે.**

1. રીયા અને રીતુ એક પેઢીના ભાગીદારો છે. તેઓ 3:2ના પ્રમાણમાં નફો વહેંચે છે. રીયાને તેનું કમિશન બાદ કર્યા પછીના ચોખ્ખા નફા પર 5% કમિશન આપવાનું છે. જો વર્ષના અંતે પેઢીનો નફો રૂ.9,387 હોય તો રીયાને કુલ કેટલી રકમ મળશે.
   (A) રૂ.5634 (B) રૂ.5364
   (C) રૂ.5811 (D) રૂ.5188
2. છેલ્લા 4 વર્ષના નફાના આંકડા નીચે પ્રમાણે આપેલા છે.
   નફો રૂ.15000; ખોટ રૂ.10,000; નફો રૂ.18,000, નફો રૂ.17,000. 3 વર્ષની ખરીદીને આધારે પાઘડીની કિંમત કેટલી થશે.
   (A) રૂ.37,500 (B) રૂ.50,000
   (C) રૂ.30,000 (D) એક પણ નહીં
3. નીચેનામાંથી કયું અનામત ભંડોળ અથવા એકત્રિત થયેલ નફો નથી ?
   (A) રોકાણ વધઘટ અનામત (B) કારીગર અકસ્માત ભંડોળ
   (C) કારીગર નફાભાગ ભંડોળ (D) અનામત ભંડોળ
4. નવા ભાગીદારના પ્રવેશ વખતે જ્યારે પેઢીનું પાઘડી ખાતું ઉભુ કરવામાં આવે ત્યારે જુના ભાગીદારોની મૂડી ખાતે કયા પ્રમાણમાં જમા આપવામાં આવે છે.
   (A) નફા નુકસાનની વહેંચણીના જૂના પ્રમાણમાં (B) નફા નુકસાનની વહેંચણીના નવા પ્રમાણમાં
   (C) મૂડીના પ્રમાણમાં (D) સરખે ભાગે
5. x, y અને z રૂ.6:3:1ના પ્રમાણથી નફો-નુકશાન વહેંચતા ભાગીદારો છે. z નિવૃત્ત થાય છે. તો x અને y ના લાભનું પ્રમાણ શોધો.
   (A) 1:1 (B) 2:1
   (C) 3:1 (D) એક પણ નહીં
6. અગાઉથી મળેલ હપ્તા જ્યા સુધી મંગાવેલ હપ્તા સામે સરભર ના થાય ત્યાં સુધી કંપની કેટલા ટકા વ્યાજ આપે છે.
   (A) 4% (B) 5%
   (C) 6% (D) 10%થી વધુ નહીં
7. ડિબેન્ચર વટાવની રકમ કંપનીના પાકા સરવૈયામાં કયા મથાળા હેઠળ દર્શાવવામાં આવે છે.
   (A) નહિ માંડી વાળેલ પરચૂરણ ખર્ચા (B) કાયમી મિલકતો
   (C) તારણવાળી લોન (D) સંશયિત દેવા
8. સંશયિત દેવામાં નીચેનામાંથી શેનો સમાવેશ નથી થતો.
   (A) ડિવિડન્ડ ચૂકવવાનું બાકી (B) વટાવેલ પરંતુ નહિ પાકે હૂંડીઓ
   (C) આપેલ જામીનગીરી (D) પ્રાથમિક ખર્ચા

9. નીચેનામાંથી કયુ પાકુ ખાતુ નથી.
   (A) શ્રી યંત્ર ખાતુ (B) શ્રી મકાન ખાતું
   (C) શ્રી ખરીદ ખાતુ (D) શ્રી અગાઉથી ચૂકવેલ વીમા પ્રિમીયમ ખાતુ
10. ધંધાના કોઈ લેણદારને ચૂકવવાની રકમ, વ્યક્તિ કે આંગડીયા દ્વારા મોકલવામાં આવે ત્યારે કયું ખાતુ ઉધારવામાં આવે છે.
   (A) શ્રી હથ્થું ખાતું (B) શ્રી દેશાવર ખાતું
   (C) શ્રી શાહ ખાતું (D) શ્રી તસલમત ખાતું

## વિભાગ - B

**નીચેના 11 થી 20 પ્રશ્નો ટુંક જવાબી પ્રશ્નો છે, જેના માગ્યા પ્રમાણે જવાબ આપો. દરેક પ્રશ્ન એક ગુણનો છે.**

11. સ્થિર મૂડીની પદ્ધતિમાં ભાગીદારોના ઉપાડ ખાતા બંધ કરવાની આમનોંધ લખો.
12. સરેરાશ નફાને મૂડીકૃત કરવાની પદ્ધતિમાં પાઘડીનું મૂલ્યાંકન કરવા માટે કઈ કઈ બાબતો ધ્યાનમાં લેવામાં આવે છે.
13. કોઈપણ ભાગીદાર અદાલતને અરજી કરે તો કયા સંજોગોમાં અદાલત પેઢીનું વિસર્જન કરી શકે. (કોઈપણ બે સંજોગો જણાવો.)
14. કંપનીના વાર્ષિક હિસાબો બનાવતી વખતે નીચેની બાબતો કયાં દર્શાવવામાં આવશે.
   - જામીનગીરી પ્રીમિયમની રકમ.
   - શેર વટાવની રકમ.
15. ડિબેન્ચર મૂળ કિંમતે બહાર પાડી પરતના પ્રીમિયમે પરત કરવાના હોય ત્યારે તેની આમનોંધ લખો.
16. નાણાકીય પત્રકોના વિશ્લેષણના કોઈ પણ બે હેતુઓ જણાવો.
17. કામગીરીનો ગુણોત્તર એટલે શું ? તેની વ્યાખ્યા આપો.
18. દેશીનામા પદ્ધતિમાં 'જણસવહી' નો અર્થ સમજાવો.
19. દેશીનામામાં ધાલખાધ અનામતની જોગવાઈ કરવા માટેના હવાલા નોંધો.
20. તેવા ભાગીદારે કરેલ વિસર્જન-ખર્ચની ચૂકવણી (જેની જવાબદારી તે ભાગીદારની છે) પેઢીના નાણામાંથી કરેલ હોય, તો તેની આમનોંધ લખો.

## વિભાગ - C

**નીચેના 21 થી 27 પ્રશ્નો ટુંકજવાબી પ્રશ્નો છે. જેનાં માગ્યા પ્રમાણે જવાબ આપો. દરેક પ્રશ્ન બે ગુણનો છે.**

21. A, B અને C એક પેઢીમાં ભાગીદારો છે. 1-4-2010 તેમની મૂડી અનુક્રમે રૂ.1,00,000, રૂ.80,000 અને રૂ.60,000 હતી. તેઓ ન નફો-નુકસાન અનુક્રમે 3:2:1ના પ્રમાણમાં વહેંચે છે. વર્ષના અંતે નફાની વહેંચણી કર્યા બાદ માલૂક પડ્યુ કે મૂડી પર 8% લેખે વ્યાજ ગણવાનું રહી ગયું છે. આ ભૂલને સુધરવા અંગે આમનોંધ લખો.
22. મહેશ, નરેશ અને સુરેશ એક પેઢીના ભાગીદારો છે. તેઓની નફા-નુકસાનની ફાળવણીનું પ્રમાણ 3:2:1 છે. ભાગીદારી પેઢીના ચોપડે પાઘડી ખાતું દર્શાવેલ નથી. તેઓ તેમની વચ્ચેનું નફા-નુકશાન વહેંચણીનું પ્રમાણ બદલીને સરખે ભાગે કરવાનું નક્કી કર્યું તથા પેઢીની પાઘડીનું મૂલ્ય રૂ.90,000 નક્કી કરેલ છે. જો પાઘડી અંગેની હિસાબી અસર પાઘડી ખાતું ઉભું કર્યા વગર ભાગીદારોને મૂડી ખાતે સીધી જ આપવાની હોય તો પેઢીના ચોપડે જરૂરી આમનોંધ લખો.

23. નીચેના વિધાન ખરાં છે કે ખોટા તે જણાવો. ખોટા હોય તો સુધારીને સાચું વિધાન લખો :-
   (a) ભાગીદારની પત્નીના સ્ત્રી ધનમાંથી લોન પેઢીના ત્રાહીત દેવાની પહેલા ચૂકવાય છે.
   (b) ભાગીદારી પેઢીના બધા જ ભાગીદારોની જવાબદારી તેમની મૂડી જેટલી મર્યાદિત હોય છે.
24. એક લિમિટેડ કંપનીએ તા.1-1-08ના રોજ રૂ.1,00,000ના ડીબેન્ચર 6% ના વટાવે બહાર પાડ્યા, જે દર વર્ષ રૂ.25,000 લેખે પરત કરવાના હતા. જો કંપનીના હિસાબો 31 ડિસેમ્બરના રોજ પૂરા થતા હોય તો ડિબેન્ચરની મુદત માટેનું ડિબેન્ચર વટાવ ખાતુ ખાતાવહીમાં તૈયાર કરો.
25. 31-3-05ના રોજ રોમા લિમિટેડના ચોપડે નીચે મુજબ બાકીઓ આપવામાં આવી છે. ઈક્વિટી શેર મૂડી રૂ.2,20,000, ભંડોળ અને અનામત રૂ.5,40,000, કાયમી મિલકતો - રૂ.36,00,000. જો અવાસ્તવિક મિલકતો રૂ.40,000ની હોય તો માલિકી ગુણોત્તર શોધો.
26. ચાલુ મિલકતો - રૂ.7,40,000, ચાલુ દેવા રૂ.5,60,000, વેચેલ માલની પડતર રૂ.8,10,000. જો કાચા નફાનો દર વેચાણના 10% હોય તો કાર્યશીલ મૂડીનો ઊથલો શોધો.
27. કંપની ધારા અનુસાર સંશયિત દેવા પાકા સરવૈયામાં કઈ રીતે દર્શાવવામાં આવે છે.

## વિભાગ - D

**નીચેના 28 થી 33 પ્રશ્નો ટૂંકજવાબી પ્રશ્નો છે. તેના માગ્યા પ્રમાણે જવાબ આપો. દરેક પ્રશ્ન ત્રણ ગુણનો છે.**

28. નીચેના માહિતી પરથી યોગ્ય સરેરાશનો ઉપયોગ કરીને પાઘડીની કિંમત $2^1/_2$ વર્ષની ખરીદીને આધારે નક્કી કરો.

| વર્ષ | 2008 | 2007 | 2006 | 2005 | 2004 |
|---|---|---|---|---|---|
| નફો | 40,000 | 35,000 | 32,500 | 25,000 | 22,500 |

29. ભાગીદારી વિસર્જનની જુદી જુદી રીતો જણાવો.

**અથવા**

માલ મિલકત નિકાલ ખાતાની પ્રથમ પદ્ધતિ અને બીજી પદ્ધતિ વચ્ચેનો તફાવત લખો. કોઈપણ ત્રણ મુદ્દા.

30. મારૂતિ લિમિટેડ દરેક રૂ.100ના એવા 9% ડિબેન્ચર્સ નીચેની શરતોએ બહાર પાડ્યા.
   (1) રૂ.40,000 ડિબેન્ચર્સ રોકડેથી રૂ.95 લેખે.
   (2) રૂ.12,00,000ની યંત્રની ખરીદીની સાથે વેપારીને 10,000 ડિબેન્ચર દરેક રૂ.100ના આપ્યા.
   (3) રૂ.5,000ની લોન માટે બેન્કને આનુષંગિક જામીનગીરી તરીકે 7,000 ડિબેન્ચર્સ દરેક રૂ.100નો તેવાં આપ્યા.

   ઉપરના વ્યવહારોની કંપનીના ચોપડે આમનોંધ લખો. (બા.જે. જરૂરી નથી.)
31. કર્ણાવતી લીમીટેડના ચોપડે તા.31-12-2004ના રોજ નીચેની બાકીઓ છે.

| | | |
|---|---|---|
| 15% ગીરવી ડીબેન્ચર | | રૂ.10,00,000 |
| ડિબેન્ચર પરતનિધિ | | રૂ.10,82,000 |
| ડિબેન્ચર પરતનિધિના રોકાણો : | | |
| (-) 10% સરકારી લોન - તેની દાર્શનિક કિંમત | રૂ.5,28,000 | |
| (-) 9% નેશનલ ડીફેન્સ બોન્ડ | રૂ.5,42,000 | રૂ.10,70,000 |

તા.31-03-2005ના રોજ 10% રાષ્ટ્રીય સરકારી લોન અને 9% નેશનલ ડીફેન્સ બોન્ડ રૂ.110 અને રૂ.98ના ભાવે વેચ્યા. અને તેજ તારીખે રૂ.107.50ના ભાવે ડિબેન્ચર પરત કર્યા. તા.31-12-2004 સુધી ડીબેન્ચરનું વ્યાજ ચૂકવવામાં આવેલ છે. ડીબેન્ચર પરત નિધી ખાતુ તૈયાર કરો.

32. તા.31-03-2008ના રોજ Z લીમીટેડની કેટલીક બાકીઓ નીચે પ્રમાણે હતી.

| વિગત | રકમ રૂ | વિગત | રકમ રૂ |
|---|---|---|---|
| દેવાદારો | 8,00,000 | બેન્ક ઓવરડ્રાફ્ટ | 1,20,000 |
| સ્ટૉક | 5,00,000 | કારીગર નફાભાગ ફંડ | 90,000 |
| લેણદારો | 3,00,000 | ચૂક. બાકી ખર્ચા | 50,000 |
| દેવીહૂંડી | 70,000 | કારીગર બચત ખાતા | 70,000 |
| રોકડ | 50,000 | લેણી હૂંડી | 50,000 |

ઉપરની વિગતો પરતી (1) ચાલુ ગુણોત્તર અને (2) પ્રવાહી ગુણોત્તર શોધો.

33. પેઢીની મિલકતોની ઉપજની ચૂકવણી કયા ક્રમમાં કરવામાં આવે છે.

**અથવા**

સત્યમ, શિવમ અને સુંદરમ $1/2 : 1/5 : 1/10$ ના પ્રમાણથી નફા-નુકસાન વહેંચતા ભાગીદારો છે. તા.31.12.10 ના રોજ તેમની પેઢીનું વિસર્જન કરવાનુ નક્કી કર્યું. તે દિવસે પાકુ સરવૈયુ તૈયાર કર્યુ નથી. પરંતુ કેટલીક માહિતી તેઓ નીચે પ્રમાણે આપી શકે તેમ છે.

(1) પેઢીની કુલ મિલકતો રૂ.2,00,000 ની છે. જે પૈકી 40% ચાલુ મિલકતો (રોકડ અને બેન્ક સિલક રૂ.10,000 સહીત)

(2) કુલ ચાલુ મિલકતોના $3/4$ ભાગ જેટલી જવાબદારીઓ છે. (જેમાં કર્મચારી પ્રોવિડન્ટ ફંડ રૂ.20,000 અને ચૂકવવાના બાકી ખર્ચ રૂ.10,000 નો સમાવેશ થાય છે.)

જો પેઢીની કુલ મૂડી ભાગીદારોના નફા-નુકશાનના પ્રમાણમાં વહેંચાયેલી હોય તો ભાગીદારોના શરૂઆતની મૂડી શોધો.

## વિભાગ - E

**નીચેના 34 થી 36 પ્રશ્નો લાંબા જવાબવાળા પ્રશ્નો છે. તેના સવિસ્તર જવાબો લખો. દરેક પ્રશ્ન 8 ગુણનો છે.**

34. અમર અને અકબર એક પેઢીમાં 3:2ના પ્રમાણમાં નફા નુકસાન વહેંચી લેતા ભાગીદારો હતા. તેમનું તા.31-03-10ના રોજનું પાકુ સરવૈયું નીચે મુજબ હતું.

**પાકું સરવૈયું**

| જવાબદારી (દેવાં) | | રકમ રૂા. | મિલકતો | રકમ રૂા. |
|---|---|---|---|---|
| **મૂડી:** | | | સાંચા અને યંત્રો | 15,000 |
| અમર | 20,000 | | મકાન | 17,000 |
| અકબર | 12,000 | 32,000 | ફર્નિચર | 2,000 |
| અનામત ભંડોળ | | 10,000 | સ્ટૉક | 13,000 |
| લેણદારો | | 23,000 | દેવાદારો | 16,000 |
| દેવીહૂંડી | | 2,000 | રોકડ | 7,000 |
| બેન્ક ઓવરડ્રાફ્ટ | | 3,000 | | |
| | | **70,000** | | **70,000** |

તેમણે એન્થનીને તા.1-4-10ના રોજ નીચેના શરતોએ ભાગીદાર તરીકે દાખલ કરવાનું ઠરાવ્યું.

1. એન્થનીને ભવિષ્યમાં નફામાં 1/5 ભાગ આપવો, જે પેટે ત્રણે જરૂરી પાઘડીની રકમ રોકડમાં લાવવી. પેઢીની પાઘડી રૂ.30,000 આંકવામાં આવી છે.
2. એન્થનીએ મૂડી તરીકે એટલી રકમ લાવવી કે જેથી નવી પેઢીમાં તેની મૂડી ચોખ્ખી મિલકતોની 1/5 જેટલી રહે.
3. મિલકતો અને દેવાંની કિંમત અંગે નીચે મુજબની વ્યવસ્થા કરવી.
   (અ) ફર્નિચરની કિંમત રૂ.1600 ગણવી અને અમરે તે લઈ લેવી.
   (બ) બેન્ક ઓવર ડ્રાફ્ટની પૂરી રકમ અકબરે ચૂકવી આપવી.
   (ક) દેવાદારો પર 5% ટકા લેખે ઘાલખાધ અનામત રાખવી.
   (ડ) સાંચા અને યંત્રોની કિંમતમાં 20%નો એમ મકાનની કિંમતમાં 10%ના વધારો કરવો.

ઉપરની વિગતો પરથી ભાગીદારોના મૂડી ખાતા બનાવો અને નવી પેઢીનું પાકુ સરવૈયું તૈયાર કરો.

35. નીલ, જિલ અને શીલ 5:3:2ની જેમ નફા નુકસાન વહેંચતા ભાગીદારો છે. તા.31-12-09ના રોજ પેઢીનું પાકું સરવૈયું નીચે મુજબ છે.

**<u>તા.31/12/2009ના રોજનું પાકુ સરવૈયું</u>**

| જવાબદારી (દેવાં) | | | રકમ રૂા. | મિલકતો | | રકમ રૂા. |
|---|---|---|---|---|---|---|
| મૂડી : | નીલ | 25,000 | | પાઘડી | | 8,000 |
| | જિલ | 15,000 | | મકાન | | 42,000 |
| | શીલ | 10,000 | 50,000 | ફર્નિચર | | 6,000 |
| સામાન્ય અનામત | | | 2,000 | દેવાદારો | 14,000 | |
| કામદાર નફાભાગ ભંડોળ | | | 9,500 | - ઘા.અનામત | 1,000 | 13,000 |
| લેણદાર | | | 12,000 | માલનો સ્ટૉક | | 5,000 |
| બેન્ક ઓવરડ્રાફ્ટ | | | 11,500 | બેન્ક સિલક | | 11,000 |
| | | | **85,000** | | | **85,000** |

ઉપરની તારીખે જિલ નિવૃત્ત થયો. નીચે મુજબની શરતો નક્કી કરવામાં આવી.

1. ફર્નિચરની કિંમત રૂ.5,500 ગણવી.
2. મકાનની કિંમત રૂ.2,000 વધારે ગણવી.
3. 3/5 માલના સ્ટૉકની કિંમત 40% ઓછી ગણવી.
4. રૂ.900ની દેણી હૂંડી ચોપડે નોંધવાની છે.
5. નિવૃત્તિ વખતે પાઘડીની કિંમત રૂ.20,000 નક્કી થઈ જે જિલની નિવૃત્તિ પછી ચોપડે દર્શાવવાની નથી.
6. બેન્ક ઓવરડ્રાફ્ટની ચૂકવણી શીલે કરવી.
7. જિલની લેણી રકમ પૈકી રૂ.15,000 લોન પેટે રાખવા અને બાકીની રકમ જિલને રોકડેથી ચૂકવી આપવી.
8. ચાલુ ભાગીદારો તેમની કુલ મૂડી રૂ.30,000 નવા નફા-નુકશાનના પ્રમાણમાં 1:1 રાખશે. અને તે માટે જરૂરી રોકડ લાવશે કે લઈ જશે.

36. ક્રિષ્ના કં લિ.ની સત્તાવાર મૂડી રૂ.2,00,000, રૂ.10ના એક એવા 20,000 ઈક્વિટી શેરમાં વહેંચાયેલી હતી. કંપનીએ બધા જ શેર બહાર પાડ્યા જેના નાણા નીચે મુજબ ચૂકવવાના હતા.

| | |
|---|---|
| શેર અરજી સાથે | રૂ.5 (પ્રીમિયમ સહિત) |
| શેર મંજૂરી સાથે | રૂ.4 |
| શેર હપ્તા સાથે | રૂ.3 |

બધા જ નાણા મળી ગયા સિવાય એક સભ્યના 200 શેરના મજુરીના એમ 500 શેરના હપ્તાના ઉપરના 500 શેર જપ્ત કરવામાં આવ્યા અને રૂ.7 ફરીથી બહાર પાડવામાં આવ્યા.
ઉપરના વ્યવહારોની કંપનીના ચોપડે આમનોંધ લખો.

**અથવા**

36. શ્રી ગણેશ લિ. 1,00,000 ઈક્વિટી શેર રૂ.10નો એક એવા 5% વટાવે બહાર પાડ્યા. રકમ નીચે મુજબ ભરપાઈ કરવાની હતી.

| | |
|---|---|
| રૂ.2.50 | અરજી સાથે (વટાવ બાદ) |
| રૂ.2.00 | મંજૂરી સાથે |
| રૂ.3.00 | પ્રથમ હપ્તા સાથે |
| રૂ.2.00 | દ્વિતિય હપ્તા સાથે. |

નયને ધારણ કરેલા 800 શેર પર મંજૂરી, પ્રથમ અને છેલ્લા હપ્તાની રકમ અને નિહારે ધારણ કરેલા 300 શેર પર પ્રથમ અને છેલ્લા હપ્તાની રકમ નહી મળતા કંપનીએ તેમના શેર જપ્ત કર્યા. આ સિવાય બાકીના બધા શેર પર નિયત સમયે મંગાવેલ રકમ મળી ગઈ હતી. જપ્ત થયેલા શેર કંપનીએ નીતાને રૂ.7 લેખે પૂરા ભરપાઈ થયેલા તરીકે વેચી દીધા.

ઉપરના વ્યવહારોની કંપનીના ચોપડે આમનોંધ લખો.

## વિભાગ - F

**નીચેના 37 થી 38 પ્રશ્નો લાંબા જવાબવાળા પ્રશ્નો છે, જેના સવિસ્તર જવાબ આપો.** (24)

37. A, B અને C, 3:2:5 ની જેમ નફો નુકસાન વહેંચતા ભાગીદારો છે.
નીચેના કાચા સરવૈયા અને વધારાની માહિતીની મદદથી પેઢીના વાર્ષિક હિસાબો તૈયાર કરો.

**તા.31-03-2005નું કાચું સરવૈયું**

| ઉધાર બાકીઓ | રૂ. | જમા બાકીઓ | રૂ. |
|---|---|---|---|
| ઉપાડ :A (01.04.05) | 6,000 | A (રૂ.20,000 1-7-05થી વધ્યુ) | 40,000 |
| B (01.07.05) | 9,000 | B | 50,000 |
| C | 3,000 | C | 60,000 |
| સ્ટૉક (1.1.05) | 12,000 | બેન્ક ઓવરડ્રાફ્ટ | 300 |
| જાવકમાલ ગાડાભાડુ | 5,000 | વટાવ | 400 |
| સ્થિર મિલકતો | 1,50,000 | વેચાણ | 70,000 |
| દેવાદારો | 30,000 | દેવી હૂંડીઓ | 5,000 |
| ફર્નિચર | 12,000 | સામાન્ય અનામત | 16,000 |
| સેલ્સમેનનું કમિશન | 300 | A ની લોન (01.07.05) | 10,000 |
| રેલવે નૂર | 250 | ઘાલખાધ અનામત | 600 |

| ઉધાર બાકીઓ | રૂ. | જમા બાકીઓ | રૂ. |
|---|---|---|---|
| મજૂરી અને પગાર | 350 | માલ પરત | 1,400 |
| રોકડ સિલક | 5,000 | ચૂકવવાની બાકી મજૂરી | 7,000 |
| વટાવ | 600 | લેણદારો | 2,000 |
| ખરીદી | 10,000 | કમિશન | 1,000 |
| લેણી હૂંડી | 6,000 | એપ્રેન્ટીસ પ્રિમિયમ | 15,000 |
| સ્ટેશનરી સ્ટૉક | 150 | (બે વર્ષ માટે 1.1.05થી) | |
| સ્ટેશનરી ખર્ચ | 450 | | |
| ધાલખાધ | 2,000 | | |
| ઓફીસ ખર્ચ | 2,600 | | |
| ભાડા પટ્ટાનું મકાન | 25,000 | | |
| (01.07.03થી 5 વર્ષ) | | | |
| | **2,79,700** | | **2,79,700** |

**હવાલા :-**

1. આખર માલ સ્ટોક રૂ.15,000 છે, જેની બજાર કિંમત 10% વધુ છે.
2. ભાગીદારોની મૂડી પર 10% લેખે અને ઉપાડ પર 12% લેખે વ્યાજ ગણો.
3. ઘર વપરાશ માટે રૂ.2000નો માલ લઈ ગયા, જેની નોંધ વેચાણનોંધમાં વેચાણ તરીકે થઈ છે.
4. A રૂ.20,000ની કિંમતની પોતાની અંગત સ્થિર મિલકત ધંધામાં તા.1-7-05ના રોજ લાવ્યો.
5. સ્થિર મિલકત પર 8% લેખે અને ફર્નિચર પર 10% લેખે ઘસારો ગણો.
6. ધાલખાધ તરીકે રૂ.5000 માંડી વાળો અને 10% લેખે ધાલખાધ અનામતની જોગવાઈ કરો.
7. સેલ્સમેનને કમિશન વેચાણ પર 1% લેખે આપવાનું છે.

38. શ્રી રમણલાલનો વિ.સં.2061 આસો વદ 0))ના રોજનો ઉતારો નીચે આપેલો છે.

**વિ.સં.2061ના રોજના આસો વદ 0))ના રોજનો ઉતારો.**

| | | | | | |
|---|---|---|---|---|---|
| 32,000J00 | શ્રી ભંડોળ ખાતે | ખા.પા. | 4,000J00 | શ્રી શરૂના સ્ટૉક ખાતે | ખા.પા. |
| 51,000J00 | શ્રી વકરા ખાતે | ખા.પા. | 1,800J00 | શ્રી ઓફીસ ભાડા ખાતે | ખા.પા. |
| 1,500J00 | શ્રી ડિવિડન્ડ ખાતે | ખા.પા. | 1,200J00 | શ્રી સ્ટેશનરી ખર્ચ ખાતે | ખા.પા. |
| 1,200J00 | શ્રી કમિશન ખાતે | ખા.પા. | 12,000J00 | શ્રી ઈમારત ખાતે | ખા.પા. |
| 10,000J00 | શ્રી બેન્ક લોન ખાતે | ખા.પા. | 34,000J00 | શ્રી ખરીદ ખાતે | ખા.પા. |
| 2,000J00 | શ્રી ગીત ખાતે | ખા.પા. | 3,000J00 | શ્રી ઘરખર્ચ ખાતે | ખા.પા. |
| 1,000J00 | શ્રી વિમલ ખાતે | ખા.પા. | 3,000J00 | શ્રી રાહુલ ખાતે | ખા.પા. |
| | 98,700J00 | | 2,500J00 | શ્રી હાર્દિક ખાતે | ખા.પા. |
| | | | 12,000J00 | શ્રી બેન્ક સિલક ખાતે | ખા.પા. |
| | | | 12,000J00 | શ્રી ફર્નિચર ખાતે | ખા.પા. |
| | | | 3,200J00 | શ્રી ઑફિસ પગાર ખાતે | ખા.પા. |
| | | | | 88,700J00 | |
| | | | 10,000J00 | શ્રી પુરાંત બાકી | ખા.પા. |
| | | | | 98,700J00 | |

<u>હવાલા :</u>

1. આખર માલ સ્ટૉક રૂ.12,000 છે અને તેની બજાર કિંમત રૂ.10,000 છે.
2. ઈમારત ઉપર 10% લેખે ઘસારો ગણો.
3. ફર્નિચર ઉપર 20% લેખે ઘસારો ગણો.
4. ઑફિસ પગાર ચૂકવવાના બાકી રૂ.1,000

<u>અથવા</u>

**38. શ્રી ભરતલાલના માગશર માસ સં.2061ના નીચેના વ્યવહારો પરથી બેઠોમેળ તૈયાર કરો.**

<u>માગશર</u>

સુદ-1 હાથ પર રોકડ રૂ.30,000 અને બેન્કમાં સિલક રૂ.20,000

સુદ-2 રૂ.10,000નો માલ જય પાસેથી 10% વેપારી વટાવે ખરીદ્યો, અને તેમને ચેકથી અડધી રકમ ચૂકવી આપી.

સુદ-8 જય પાસેથી ખરીદેલો બધો જ માલ 20% નફો ચઢાવીને વિજયને રોકડેથી વેચ્યો.

સુદ-10 ઘરભાડા પેટે રૂ.1,000 ચૂકવ્યા અને દુકાન ભાડા પેટે રૂ.2,000 ચૂકવ્યા.

સુદ-12 કોઈએ આપણને રૂ.800 ચૂકવ્યા પણ તેમનું નામ યાદ આવતુ નથી.

સુદ-15 આવકવેરા રિફંડ રૂ.3,000નો ચેક ધંધાના બેન્ક ખાતામાં ભર્યો.

વદ-1 દયા પાસેથી રૂ.40,000નો માલ 10% વેપારી વટાવે ખરીદ્યો.

વદ-8 જિંદગીનું વીમા-પ્રિમીયમ રૂ.700 ચેકથી અને આગનું વીમા-પ્રિમિયમ રૂ.300 રોકડેથી ચૂકવ્યું.

વદ-9 પુત્ર કિશનના જન્મદિવસે યોજેલ પાર્ટીના ખર્ચના રૂ.1,000 ધંધામાંથી ચૂકવ્યા.

વદ-10 રોકડ ખરીદી રૂ.20,000 અને રોકડ વેચાણ રૂ.40,000

વદ-11 ધરતીકંપ રાહત ફંડમાં રૂ.1,000નો માલ અને રૂ.500 રોકડેથી આપ્યા.

વદ-12 જાહેરાત ખર્ચ રૂ.1,000, ટેલીફોન ખર્ચ રૂ.1,200 અને સ્ટેશનરી ખર્ચ રૂ.800 ચૂકવ્યા.

વદ-13 આંગડીયા અમૃતલાલને રૂ.2,000 લેણદાર રમેશચંદ્રને આપવા માટે ચૂકવ્યા.

વદ-0)) સાંજે પરત કરવાની શરતે છાયાએ રૂ.2,400 ધંધામાંથી લીધા.

વદ-0)) હાથ પરની સિલક મેળવતા રૂ.200 ઓછા માલૂમ પડ્યા.

• • •